Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-22 |January – March 2016

# कर्तृकारक

कृ धातु (डुकृञ् करणे, तनादी उभयपदी) थी कर्तृवाचक तृच् प्रत्यय लागीने कर्ता शब्द निष्पन्न थाय छे. कर्तृशब्द कारक शब्दनो ए दृष्टिए पर्याय छे के बंनेमां समानसूत्र (वृल्तृचौ-३-१-१३७) थी ज कर्तृवाचक प्रत्यय थाय छे. तथा बंनेनो अर्थ थाय छे. (क्रिया) करनार.

## कर्तृकारकनुं पाणिनि सम्मत लक्षण

पाणिनिए कर्तृकारकनुं लक्षण स्वतन्त्रःकर्ता [1] ए आप्युं छे. ए सूत्र अनुसार जे कोइ क्रिया निष्पत्तिमां स्वतन्त्र होय छे तेने कर्ता कहेवामां आवे छे. दा.त. रामः गच्छति । रामेण गम्यते । आ बन्ने उदाहरणोमां गमन क्रियानी सिद्धिमां रामनी स्वतंत्र रुपे प्रवृत्ति देखाय छे. प्रथम उदाहरणमां कर्ता अभिहित छे, बीजामां अनभिहित.

पतंजलिए सूत्रमां पठित 'स्वतन्त्र' पदनो अर्थ प्रधान[2] एवो कर्यो छे. अर्थात् कर्ता प्रधान कारक होय छे. कारण के कर्ता अन्य कारकोने 'क्रिया' नी सिद्धिमां प्रवृत्त करे छे. दा.त. देवदतः कुठारेण काष्ठं छिनति। वाक्यमां देवदत्त ज कुहाडी (करणकारक) ने 'छेदन' क्रियामां प्रवृत्त करावे छे. माटे देवदत्त ने ज कर्ता कारक कहेवाशे.

जो के वैयाकरणो अनुसार विवक्षावश[3] कोईपण कारकने स्वतन्त्र मानी शकाय छे. कारण के कारकोनो प्रयोग विवक्षानुसार ज करवामां आवे छे. वक्ता जो चाहे तो ते करण, अधिकरण वगेरेने पण क्रिया प्रति स्वतन्त्र मानीने कर्तृकारकना रुपमां प्रयोग करी शके छे. जेम के स्थाली पचति तथा काष्ठं पचति । आ वाक्योमां स्थाली (अधिकरण) तथा काष्ठं (करण) ने वक्ता 'पाक' क्रियामां स्वतंत्र मानी ले छे. एटले अहीं स्थाली अने काष्ठ ने कर्तृकारकना रुपमां मूकवामां आव्या छे.

भर्तृहरिए पण साधन समुदेशनी बीजी ज कारिकामां विवक्षानी शक्तिनुं विवेचन कर्युं छे.

शक्तिमात्र समूहस्य विश्वस्यानेकधर्मणः ।
सर्वदा सर्वथा भावात् क्वचित् किञ्चिद् विवक्ष्यते ।। वा.प. ३ - ७.२

અર્થાત્ અનેક ધર્મોથી યુક્ત શક્તિઓના સમુદાય રુપ વિશ્વની દરેક સમયે બધાં પ્રકારે સત્તા છે. પરન્તુ એક સમયે એક જ ધર્મ તથા શક્તિ વિવક્ષિત થાય છે. એટલે જ એક જ દ્રવ્યમાં કાલભેદથી ભિન્ન-ભિન્ન શક્તિઓની વિવક્ષા થઇ શકે છે.

તેઓ ફરી જણાવે છે કે કારક[4] નો વ્યવહાર બુદ્ધિની અવસ્થા પર આધારિત છે. જ્યારે બુદ્ધિ કોઇ વસ્તુનું નિરુપણ કરી લે છે ત્યારે તે વસ્તુ શબ્દનો વિષય બને છે બુદ્ધિ તેને જે રુપમાં નિરુપિત કરશે, તેનું એ જ સ્વરુપ શબ્દમાં પ્રકટ થશે.

'स्थाल्यां पचति' માં તપેલી અધિકરણ છે. પરન્તુ પાતળા તળિયા વાળી તપેલીમાં ઝડપથી રંધાતું હોય તો આપણે તપેલીને કર્તા માનીને તપેલી રાંધે છે. **स्थाली पचति** એમ કહીશું.

ટૂંકમાં વક્તાની જે કારકમાં ક્રિયાની નિષ્પતિ માટેની 'સ્વાતન્ત્રય' ની વિવક્ષા હશે તેની કર્તૃસંજ્ઞા[5] થશે.

## કર્તાની સ્વતંત્રતા અંગે ભર્તૃહરિના વિચારો

ભર્તૃહરિએ કર્તામાં સ્વાતન્ત્રય કયા કારણોથી હોય છે તે આ કારિકાઓ દ્વારા સમજાવ્યું છે.

प्रागन्यतः शक्तिलाभान्न्यग्भावापादनादपि
तदधीनप्रवृत्तित्वात्प्रवृत्तानां निवर्तनात् ।।
अदृष्टत्वात् प्रतिनिधेः प्रविवेके च दर्शनात् ।
आराद्ण्युपकारित्वे स्वातन्त्र्यं कर्तृरिष्यते ।।

૧. કર્તામાં ક્રિયા પ્રતિ પ્રવૃત્તિ અન્ય કારકોની અપેક્ષાએ પહેલાં થાય છે.
૨. કર્તા સમક્ષ અન્ય કારકો ગૌણ હોય છે.
૩. અન્ય કારકોની પોતપોતાના વ્યાપારમાં થતી પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કર્તાને અધીન હોય છે.
૪. કર્તા કોઇપણ ક્રિયામાં પ્રવૃત્ત અથવા નિવૃત્ત સ્વયં જ થાય છે.
૫. કર્તાનો કોઇ અન્ય કારક પ્રતિનિધિ નથી હોતો.
૬. બીજા કારકોના અભાવમાં પણ કર્તાનું અસ્તિત્વ હોય છે.
૭. કર્તા વગર ક્રિયા સમ્પન્ન થઇ શકતી નથી, વળી, કર્તા ક્રિયાની નિષ્પત્તિમાં બીજા કારકોનો સહાયક જ હોય છે.

ભર્તૃહરિએ કર્તા સમ્બન્ધી વિચારો પ્રસ્તુત કર્યા છે

(૧) કર્તા બીજા કારકોની પહેલા, ક્રિયાને સિદ્ધ કરી શકવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે.

(૨) બીજા કારકોને કર્તા પોતાને આધીન રાખે છે

(૩) કર્માદિ કારકોની પોતપોતાનાં વ્યાપારમાં પ્રવૃત્તિ કર્તાને લીધે થતી હોય છે.

(૪) ક્રિયાની સિદ્ધિ માટે પ્રવૃત્ત થયેલાં અન્ય કારકોને કર્તા અટકાવી શકે છે.

(૫) વાક્યમાં કર્તાનો બીજો કોઇ પ્રતિનિધિ મળતો નથી.

(૬) કર્તૃકારક એકલું પણ ક્રિયાની સિદ્ધિ માટે પ્રવૃત્તિ કરી શકવાનું સામર્થ્ય ધરાવે છે.

હેલારાજ

(૧) કરણ વગેરે કારકોની પ્રવૃત્તિ થાય, તે પહેલા જ કર્તા કોઇક અન્ય નિમિત્તથી ક્રિયા સિદ્ધિ માટેનું સામર્થ્ય પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ કર્તાને બીજા સહકારી કારકો પાસેથી ક્રિયાસિદ્ધિ માટેનું સામર્થ્ય પ્રાપ્ત કરવાનું હોતું નથી.

(૨) ક્રિયાના ફળની ઇચ્છા ધરાવતો કર્તા, કરણ વગેરે કારકોને સન્નિહિત કરે છે.

(૩) કરણ વગેરે કારકો પોતાના વ્યાપારમાં ત્યારે જ જોડાય છે. કે જ્યારે કર્તા તેમને તે માટે નિયુક્ત કરે આ સિવાય કરણ વગેરેના રુપમાં આવતાં પદાર્થો સ્વયં પોતાના વ્યાપારમાં જોડવાનું સામર્થ્ય ધરાવતાં નથી આની વિરૃધ્ધ કર્તા ક્રિયાના ફળની ઇચ્છા ધરાવતો સ્વયં વ્યાપારવાન બનતો હોય છે. એ તો સ્પષ્ટ છે.

(૪) ક્રિયાસિદ્ધિમાં કરણ વગેરેની ઉપયોગિતા જયારે સમાપ્ત થાય ત્યારે તેમને સ્વવ્યાપારમાંથી નિવૃત્તિ આપનાર કર્તા છે.

કર્તાના પ્રકારો

☆ શુદ્ધકર્તાઃ ક્રિયાસિદ્ધિમાં સ્વાતન્ત્રય ભોગવતો પદાર્થ

☆ હેતુકર્તાઃ ક્રિયાસિદ્ધિમાં સ્વાતન્ત્રય ભોગવતાં પદાર્થનો જે પ્રયોજક હોય.

☆ **કર્મકર્તાઃ અણ્યન્તાવસ્થાનો જે કર્તા અણ્યન્તાવસ્થામાં કર્મ બને છે. વૈયાકરણભૂષણસારમાં કૌણ્ડભટ્ટે આ જ** ત્રણ પ્રકારોનો નિર્દેશ કર્યો છે. અને ઉદાહરણો આ પ્રમાણે આપ્યા છે.

(१) मया हरिः सेव्यते

(२) कार्यते हरिणा ।

(३) गमयति कृष्णं गोकुलम्

વારરુચસંગ્રહ જેવા પાણિનીતર સંપ્રદાયના કેટલાક ગ્રંન્થોમાં કર્તૃકારકના પાંચ ભેદોનો ઉલ્લેખ જોવા મળે છે.

| સ્વતન્ત્ર | હેતુ |
|---|---|
| (૧) અભિહિત | (૧) ચેતનવિષયક - देवदत्तः पचति । |
| (૨) અનભિહિત | (૨) અચેતનવિષયક - नदी वहति । |
| (૩) કર્મ - भिधते कुसुमः स्वयमेव । | |

કર્તાના સર્વત્ર ત્રણ ભેદો કરવામાં આવ્યા છે.

શુદ્ધકર્તા

હેતુકર્તા (પ્રયોજક) તથા

કર્મકર્તા

(૧) શુદ્ધકર્તાઃ 'स्वतन्त्रः कर्ता' એ સૂત્ર દ્વારા શુદ્ધકર્તાનું વિધાન કરવામાં આવ્યું છે. અન્ય કારકોનું નિયમન કરનાર આ પ્રધાન કર્તા છે. અભિહિત અથવા અનભિહિત હોવાથી આને ક્રમશઃ પ્રથમા કે તૃતીયા વિભક્તિ લાગે છે. रामोगच्छति । रामेण गम्यते ।

(૨) હેતુકર્તા (પ્રયોજક) तत्प्रयोजको हेतुश्च (१-४-५५) દ્વારા હેતુકર્તાનું વિધાન થયું છે.

ણિજર્થભૂત પ્રેરણા વ્યાપારનો આશ્રય હેતુ કર્તા કહેવાય છે. આ પણ અભિહિત હોય તો પ્રથમા વિભક્તિ ગ્રહણ કરે છે. જેમ કે रामः पाचयति

અનાભિહિત હોવાથી અહીં પણ તૃતીયા વિભક્તિ થાય છે पाच्यते देवदतेन । कार्यते हरिणा ।

(૩) કર્મકર્તાઃ પ્રેરક વાક્ય રચના ન હોય તેવા કર્તાની (णिजन्त) પ્રેરક વાક્ય રચનામાં કર્મ સંજ્ઞા થાય છે. એટલે કે સાદી કર્તરિ વાક્ય રચનાનો જે કર્તા હોય તે પ્રેરક વાક્ય રચનામાં કર્મ બને છે.

દા.ત. **गमयति कृष्णं गोकुलं गोपः** અહીં કૃષ્ણ કર્મકર્તા છે. આમ તો આ પાણિનિ ના સૂત્ર **गतिबुद्धिप्रत्यवसान** નું ઉદાહરણ છે.

દુર્ગસિંહે કાતન્ત્રવૃત્તિમાં કર્મકર્તાનું લક્ષણ આપ્યું છે.

**क्रियमाणं तु यत्कर्म स्वयमेव प्रसिद्धयति**
**सुकरैः स्वैगुणैः कर्तृ कर्मकर्तेति तद् विदुः ।।**
કરવામાં આવેલું કર્મ જ્યારે જાતે જ સમ્પન્ન થતું હોય તથા સુકરતાના કારણે કર્તાના ગુણોને પોતાનામાં ધારણ કરે ત્યારે તેને કર્મ કર્તા કહેવાય છે.

દા.ત. **पच्यते ओदनः स्वयमेव । भिधते काष्ठं स्वयमेव ।**

ભર્તૃહરિએ અચેતન પદાર્થોના કર્તૃત્વની પુષ્ટિ કરી છે.

ભોજના 'શ્રૃંગાર પ્રકાશ' માં તો કર્તૃકારકના જ પ્રકારોનો નિર્દેશ મળી આવે છે.

સારસ્વત સંપ્રદાયમાં કર્તૃકારકના ત્રણ ભેદો સ્વીકારાયા છે.

અર્વાચીન ગણાતા "હરિનામામૃત" અને સંક્ષિપ્તસાર વ્યાકરણમાં તો કર્તૃકારકના સ્વતંત્ર અને પ્રયોજક હેતુ એવા બે જ ભેદોનો સ્વીકાર થયો છે.[6]

આમ, કર્તૃકારકના પ્રકારોની બાબતમાં સમગ્ર વ્યાકરણ સંપ્રદાયોમાં ચાર મત છે. તેમાં પાણિનીય પરમ્પરાના કૌણ્ડ જેવા આચાર્યો તથા સારસ્વત સંપ્રદાયના લોકશંકર જેવા આચાર્યો કર્તૃકારકના ત્રણ પ્રકારો માને છે. તો વારરુચસંગ્રહકાર અને ટીકાકાર અઢાર ભેદોનો નિર્દેશ કર્યો છે.

આ પછી હરિનામામૃત અને સંક્ષિપ્તસાર જેવામાં તો કર્તૃકારકના બે જ પ્રકારો દૃષ્ટિગોચર થાય છે.

## પાદટીપ

(1) અષ્ટાધ્યાયી - ૧-૪-૫૪

(2) तघः प्राधान्ये वर्तते तन्त्रशब्दस्तस्येदंग्रहणम् - महाभाष्य भाग-१, पृ २७७ (मोतीलाल बनारसीदास-दिल्ली)

(3) वक्तुम् इच्छा विवक्षा ।

(4) साधनं व्यवहारश्च बुद्धयवस्थानिबन्धनः ।
सन्नसन्वार्थरूपेषु भेदो बुद्धया प्रकल्प्यते । वा.प. ३-७.३

(5) क्रियायां स्वातन्त्रयेण विवक्षितोऽर्था कर्ता स्यात् । (सि.कौ.भाग-१,पृ-४२१)

(6) પાણીનીય વ્યાકરણ પરમ્પરામાં કારક-મીમાંસા - ડૉ. કમલેશકુમાર ચોકસી

## સન્દર્ભગ્રન્થો


(1) કારકપ્રકરણ - સં.ડો.વસન્તકુમાર મ. ભટ્ટ સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૯૯૧

(2) પાણિનિય વ્યાકરણ પરમ્પરામાં કારક મીમાંસા - ડૉ. કમલેશકુમાર ચોકસી

(3) સિદ્ધાન્તકૌમુદી તત્વબોધિની ટીકા સહિતા

(4) संस्कृत व्याकरण में कारकतत्वानुशीलन - प्रा उमाशंकर शर्मा ऋषि - चौखम्बा सुरभारती प्रकाशन

(5) भवानन्दकृत कारक चक्र एक अध्यन (व्याकरणशास्त्र एवं नव्यन्याय के आलोक में) - डॉ. अरविन्दकुमार - निर्मल बुक एजन्सी - कुरुक्षेत्र

(6) भर्तृहरि - के.ए. सुब्रहण्य अय्यर. अनु डॉ. रामचन्द्र दि्ववेदी राजस्थान हिन्दी ग्रन्थ अकादमी (जयपुर)

(7) વાક્યપદીય - ડૉ. જે. એમ. શુકલ - એલ.ડી.ઇન્ડોલોજી અમદાવાદ - ૯

(8) पाणिनीय अष्टाध्यायी सूत्रपाठः - सं.श्री.पं.ब्रह्मदत्त जिज्ञासु रामलाल कपूर ट्रस्ट प्रेस - बहालगढ

(9) महाभाष्यम्

(10) વૈયકરણ સિદ્ધાન્ત કૌમુદી बालमनोरमाख्यया व्याख्यया सहिता चन्द्रशेखरशास्त्री दिल्ही


******************************************************************


ડૉ. કિન્નરી પંચોલી

આસિ. પ્રો. સંસ્કૃત

સરકારી વિનયન કોલેજ

મણિનગર, અમદાવાદ


Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat